*Research Guru Volume-11 Issue-1 (June-2017) (ISSN:2349-266X)*

PP-99 To 104

**ડૉ. સુરેખા કે.પટેલ**
**સંસ્કૃત વિભાગ,**
**જી.ડી.મોદી કૉલેજ ઑફ આર્ટ્સ,**
**પાલનપુર - ૩૮૫ ૦૦૧**
**Mob. 94280 23071**

# આચાર્ય અભિનવગુપ્તની રસ-જ્ઞાન મીમાંસા

*ધ્વનિ સમર્થક આચાર્ય આનંદવર્ધનની પરંપરામાં થઈ ગયેલા અભિનવગુપ્ત એક કવિ, કાવ્યશાસ્ત્રી અને દાર્શનિક પણ હતા. પંડિત નરસિંહ ગુપ્ત અને માતા વિમલ કમલાના પુત્ર અભિનવગુપ્તની જ્ઞાનપિપાસા એટલી હદે તીવ્ર હતી કે તેમણે પિતા નરસિંહ પાસેથી વ્યાકરણનું, વામનનાથ પાસેથી દ્વૈતાદ્વૈતતન્ત્રોનું, ભૂતિરાજ પાસેથી બ્રહ્મવિદ્યાનું, ભૂતિરાજતનય પાસેથી દ્વૈતવાદી શૈવમતનું, લક્ષ્મણગુપ્ત પાસેથી ક્રમ અને ત્રિકદર્શનોનું, ઈન્દુરાજ પાસેથી ધ્વનિસિદ્ધાન્તનું અને ભટ્ટ તૌત પાસેથી નાટ્યશાસ્ત્રનું અધ્યયન કર્યું. આ ઉપરાંત શ્રીચન્દ્ર, યોગાનંદ, અભિનંદન, વિચિત્રનાથ, શિવ, ઉદભટ, ભાસ્કર, ભક્તિ વિલાસ, ચન્દ્રવર, શિવભક્તિ, ધર્મ, વામન અને ભૂતીશ વગેરે આચાર્યો પાસેથી વિવિધ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. 'ગુપ્ત' તેમના વંશનું નામ હતું. તેઓ કાશ્મીરી હતા. બાળપણમાં માતાનું છત્ર ગુમાવ્યું, પિતાએ સંન્યાસ લીધો. પરિણામે પોતે પણ સંસારથી વિરક્ત થયા. આજીવન બ્રહ્મચારી રહ્યા અને શૈવ આગમોનું આકંઠ પાન કર્યા બાદ સંન્યાસી બન્યા. તેઓ સિદ્ધ પુરૂષોની અને દાર્શનિકોની મંડળીમાં અગ્રગણ્ય હતા.*

*મધ્યકાલિન ભારતના મહાન વ્યક્તિઓમાંના એક, ખૂબ જ જ્ઞાની એવા અભિનવ ગુપ્તને ઘણા ગ્રંથોના પ્રણેતા માનવામાં આવે છે. તેમના કેટલાક ગ્રંથોમાં તેમના પૂર્વજો, માતા-પિતા, અન્ય સંબંધીઓ, ગુરુ તથા તેમની રચનાઓના વિષયમાં પર્યાપ્ત વિગતો પ્રાપ્ત થાય છે. સ્વજીવન વિષયક અંગત ઉલ્લેખ કરવામાં મૌન સેવવા ટેવાયેલા કાલિદાસ કે ભાસ જેવા સંસ્કૃત ગ્રન્થકારોની વચ્ચે મૌન તોડનારા આચાર્ય અભિનવગુપ્ત જુદા જ તરી આવે છે. પોતાના* 'तन्त्रालोक' *અને* 'परात्रिंशिक विवरण' *એ બે ગ્રંથોમાં તેમજ તેમના અન્ય ગ્રન્થોમાં પણ તેમને અંગત જીવનને લગતી માહિતી સંક્ષેપમાં આપી છે. આ ઉપરાંત તેમના શિષ્યો, વ્યાખ્યાકારો અને પરંપરામાં ઉતરી આવેલી કિવદન્તીઓમાં પણ તેમના જીવન વિશેની ઘણી પૂરક માહિતી પ્રાપ્ત થાય છે. આચાર્ય અભિનવગુપ્ત નામના બે ગ્રંથકારો જાણીતા છે. શાક્ત અભિનવગુપ્ત અને શૈવ અભિનવગુપ્ત.*

*ઈ.સ. દસમી સદીના ઉત્તરાર્ધમાં અને અગિયારમી સદીના પૂર્વાર્ધમાં થયેલા શૈવ અભિનવગુપ્તે ભારતમાં અલંકાર ક્ષેત્રે ધ્વનિસિદ્ધાંતનો અને દર્શનક્ષેત્રે શૈવપ્રત્યભિજ્ઞા સિદ્ધાન્તનો પાયો દઢમૂળ કર્યો. તેઓ પ્રખર તાંત્રિક, યોગી અને આચાર્ય હતા. આ દિવ્ય-ભવ્ય વિભૂતિનું વ્યક્તિત્વ તેમના ૪૫ થી વધુ સંખ્યામાં લખાયેલા ગ્રંથો,[૧] પ્રબંધો, ભાષ્યો, વ્યાખ્યાઓ, સંગ્રહો, વિવરણો અને સ્તોત્ર સ્વરૂપના ગ્રંથોમાં પ્રકાંડ પાંડિત્યના ભાર નીચે છુપાયેલું હોવા છતાં પદે પદે ચમકતી તેમની પ્રતિભાનો પુંજ જગતના હરકોઈ વિદ્વાનને આંજી નાંખે તેવો પ્રખર છે.*

આચાર્ય અભિનવગુપ્તનું સાહિત્યસર્જન વિપુલ છે. 'बोधपञ्चदशिका, मालिनीविज्यावार्तिक, परात्रिंशिकाविवरण, तन्त्रालोक, तन्त्रसार, तंत्रवटधानिका, ध्वन्यालोकलोचन, अभिनवभारती, भगवद्गीतार्थसंग्रहपरमार्थसार, प्रत्यभिज्ञाविमर्शिनी, काव्याकौतुकविवरण, कथामुखतिलक, भेदभावविदारण, देवीस्तोत्रविचरण, तत्वाध्वप्रकाशिका અને शिवशक्त्यविनाभावस्तोत्र ઉપરાંત તેમના अनुत्तराष्टिका વગેરે ચાર લઘુગ્રંથો કે પત્રિકાઓ અને ક્રમસ્તોત્ર વગેરે ચાર સ્તોત્રો પણ જાણીતાં છે. સાહિત્યક્ષેત્રે તેમનું પ્રદાન તપાસીએ તો ભરતના 'नाट्यशास्त्रम्' ઉપરની 'अभिनवभारती' નામની વિવૃત્તિ અને આનંદવર્ધનના 'ध्वन्यालोक' પરની 'लोचन' નામની ટીકા પણ રચી છે. જેમ પાણિનીય વ્યાકરણક્ષેત્રે મહર્ષિ પતંજલિ અને વેદાન્તક્ષેત્રે આદ્યશ્રી શંકરાચાર્યની મહત્તા છે તેટલી જ અલંકાર ક્ષેત્રે અભિનવગુપ્તની છે. સાહિત્યશાસ્ત્રના સિદ્ધાંતો માટે આપણે અભિનવગુપ્તના ઋણી છીએ. રસ વિષયક તેમની જે સમીક્ષા છે, તે નિતાંત વૈજ્ઞાનિક અને યુક્તિ યુક્ત છે. કદાચ 'अभिनवभारती' ન હોત તો નાટ્યશાસ્ત્રના તથ્યોને પામી શક્ત નહિ.

'રસ' ભારતીય વાઙ્મયનો પ્રાચીનતમ શબ્દ છે. સામાન્ય વ્યવહારમાં તેનો ચાર અર્થોમાં પ્રયોગ થાય છે. ૧. પદાર્થોનો રસ ૨. આયુર્વેદનો રસ ૩. સાહિત્યનો રસ ૪. મોક્ષ કે ભક્તિરસ. 'રસ'નો આધ્યાત્મિક અર્થ 'तैत्तिरीय उपनिषद' માં વધુ સ્પષ્ટ થઈ જાય છે —'તે રસરૂપ છે તેથી રસને પ્રાપ્ત કરીને જ્યાં ક્યાંય પણ રસ મળે છે, તેને પ્રાપ્ત કરીને મનુષ્ય આનંદમગ્ન થઈ જાય છે.[२]

ભારતીય કાવ્યશાસ્ત્રીઓએ કાવ્ય કે નાટકની આપણા મન ઉપર જે અસર થાય છે, તે સમજાવવા માટે આનંદને બદલે 'રસ' શબ્દ પસંદ કર્યો છે. અલબત્ત રસમાં આનંદનો અંતર્ભાવ છે કારણ કે કાવ્યરસ હંમેશાં આહ્લાદજનક જ છે, પણ 'રસ' શબ્દ પસંદ કરવાનું કારણ એ કે એથી એક જાતની આસ્વાદની પ્રક્રિયા સૂચવાય છે. ('रस्यते आस्वाद्यते असौ रसः') ભોજનના આનંદને પણ આપણે રસ કહીએ છીએ તે આ કારણે જ. સામાન્ય રીતે આપણે એમ કહીએ છીએ કે કાવ્ય વાંચવાથી કે નાટક જોવાથી આપણને આનંદ આવે છે. કાવ્ય વાંચવામાં કે નાટક જોવામાં રસ પડે છે. આમ, કાવ્ય કે નાટકની આપણા મન ઉપર અસર થાય છે, તે સમજાવવા માટે આપણે 'આનંદ', 'રસ' વગેરે સંજ્ઞાઓ વ્યવહારમાં કંઈક જુદા અર્થમાં જાણ્યે-અજાણ્યે પ્રયોજતા હોઈએ છીએ.

કાવ્યાનુભવ વખતે આપણે વિશિષ્ટ પ્રકારની માનસિક અવસ્થા પ્રાપ્ત કરીએ છીએ. અર્થાત્ કાવ્યાનુભવ એ માનસિક અનુભવ છે. પુષ્પની કોમળ પાંદડીનો અંગુલિને સ્પર્શ થતાં આનંદ થાય છે. આકાશમાં મેઘધનુષ્યની રંગલીલા નિહાળીને આંખો ઠરે છે. કોકિલનો ટહુકાર સાંભળીને કાનને તૃપ્તિ થાય છે. કાવ્યમાં ઈન્દ્રિયગમ્યતા હોય છે, પણ અંતે તે ચૈતસિક આનંદાનુભૂતિ કરાવે છે. સુખ, દુઃખ, શોક,પ્રીતિ,વેર, દ્વેષ, ઉત્સાહ આદિ માનસિક અવસ્થાઓ છે, જેમને 'ચિત્તવૃત્તિ' કે 'ભાવ' પણ કહે છે. એટલે એમ કહી શકાય કે ભિન્ન-ભિન્ન પ્રસંગે આપણું મન ભિન્ન-ભિન્ન ભાવો અનુભવે છે. કાવ્યના આસ્વાદનમાં પણ આ જાતના ભાવાનુભવ ઉપાદાનરૂપ હોય છે. કાવ્યમાં મન વિવિધ ભાવદશા પ્રાપ્ત કરે છે. આ ભાવો લૌકિક સ્થૂળતાથી મુક્ત હોય છે. હંમેશાં આસ્વાદ્ય હોય છે. આમ, કાવ્ય જગતના સંપર્કે ભાવનું વિશિષ્ટ પ્રકારનું આસ્વાદન એ જ 'રસ.'

ભારતીય કાવ્યશાસ્ત્રીય વિચારણામાં રસની વિચારણા ખૂબ મહત્ત્વની છે. કોઈ સહૃદય પ્રેક્ષક રંગપંચ ઉપર રજૂ થતો નાટ્યપ્રયોગ નિહાળે છે કે કોઈ સાહિત્યકૃતિનું વાંચન કરે છે ત્યારે તેને અવર્ણનીય પ્રકારના કોઈક

અલૌક્કિ આનંદની અનુભૂતિ થાય છે. કાવ્યનાં પ્રયોજનોની વિચારણામાં આચાર્ય મમ્મટ કહે છે કે–'સહૃદયને થતી આ આનંદાનુભૂતિ જ કાવ્યનું પરમ પ્રયોજન છે.'[3] ભરતમુનિ પણ માને છે કે નાટ્યનું પરમ પ્રયોજન રસતત્વ છે. અર્થાત્ નાટ્યમાં 'રસ' સિવાય બીજો કોઈ અર્થ પ્રવર્તતો નથી.[4] नाट्यशास्त्र' ના છઠ્ઠા 'રસાધ્યાય'માં ભરતમુનિનું પ્રસિદ્ધ રસસૂત્ર 'तत्र विभावानुभावव्यभिचारि संयोगाद्रनिष्पत्तिः પ્રાપ્ત થાય છે. 'नाट्यशास्त्र'ની ઉપલબ્ધ એક માત્ર ટીકા 'अभिनवभारती'માં રસસૂત્ર અંગે સિદ્ધાંતો પ્રાપ્ત થાય છે. તેમાં ભટ્ટલોલ્લટ, શંકુક, ભટ્ટનાયક અને ભટ્ટતૌત મુખ્ય છે.

આનંદવર્ધન દ્વારા પ્રવર્તિત ત્રિરૂપ ધ્વનિ વિચારણામાં ભરતાદિએ વિચારેલ રસત્વને કેન્દ્રસ્થાન પ્રાપ્ત થયું હતું અને આનંદવર્ધન, અભિનવગુપ્તની પરંપરાના આચાર્યોએ વાસ્તવમાં આ રસધ્વનિ તત્ત્વને જ કાવ્યાત્મારૂપે બિરદાવ્યું હતું. અલંકારાદિ સઘળાં કાવ્યતત્ત્વોનો વિનિયોગ આ રસધ્વનિને કેન્દ્રમાં રાખીને જ ધ્વનિવાદી આચાર્યોએ પ્રવર્તાવ્યો હતો. આ રસતત્ત્વનું શુદ્ધ સ્વરૂપ ભરતમુનિએ છઠ્ઠા અધ્યાયમાં 'विभावानु.......' જે રજૂ કર્યું છે, તેને અનુલક્ષીને જુદા જુદા આચાર્યોએ નાટ્ય અને કાવ્યમાં જણાતી રસનિષ્પત્તિની પ્રક્રિયાને સમજાવવાનો પ્રયાસ કર્યો છે. ભરતના 'नाट्यशास्त्र' ઉપરની પ્રાપ્ત થતી અભિનવગુપ્તની 'अभिनवभारती' ટીકામાં રસસૂત્ર ઉપરાંત તેમના પૂર્વાચાર્યો જેવા કે લોલ્લટ, શ્રીશંકુક, ભટ્ટનાયક આદિ આચાર્યોના મૂળ ગ્રંથો હાલ ઉપલબ્ધ ન હોવા છતાં તેમના વિચારો અભિનવગુપ્તે ઉદ્ધૃત કર્યા છે. તે રીતે જોતાં તેમની વિચારસરણીનો પરિચય પ્રાપ્ત થાય છે. આનંદવર્ધનોત્તર કુંતકથી માંડીને ગુજરાતના નાટ્યદર્પણના ગ્રંથકારો અને પાછળથી વિશ્વનાથથી જગન્નાથ સુધીના આચાર્યોએ પણ આ વિષયમાં વિચારણા કરી હતી. મમ્મટ, હેમચન્દ્ર, વિશ્વનાથ, વિધાનાથ, વિદ્યાધર, જગન્નાથ વગેરે મુખ્યત્વે અભિનવ ગુપ્તની જ વિચારસરણીને સમર્થિત કરે છે. અનુભાવો અને વ્યભિચારી ભાવોના કાર્યની સ્પષ્ટતા 'अभिनवभारती' કરતાં વિશેષ મમ્મટે કરી છે.[5]

ભરતના 'રસસૂત્ર'માં આવતી રસનિષ્પત્તિની પ્રક્રિયાની જે મીમાંસા અભિનવગુપ્તે કરી છે, તેમાં ભટ્ટલોલ્લટનો મત સર્વપ્રથમ ઉદ્ધૃત થયો છે. લોલ્લટ મુજબ વિભાવો દ્વારા ઉત્પત્તિ, અનુભાવો દ્વારા પ્રતીતિ અને વ્યભિચારી ભાવો દ્વારા પરિપુષ્ટિ એમ ત્રણ તત્ત્વોનો સમાવેશ 'નિષ્પત્તિ'માં થાય છે અને આ ત્રણ પ્રક્રિયાઓથી ઉપચિત થતો સ્થાયી એ જ 'રસ'. લોલ્લટના વિચારને 'ઉત્પત્તિ ઉપચિતિવાદ' એવું નામ આપી શકીએ. તેમના મતે 'વિભાવાદિથી ઉપચિત થતો સ્થાયી જ રસત્વને પામે છે.'[6] આમ, ભટ્ટલોલ્લટ 'विभावानु.............' સૂત્રમાં રહેલ 'निष्पत्तिः' નો અર્થ 'उत्पत्ति' કરે છે. ભુક્તિવાદી આચાર્ય ભટ્ટનાયક 'निष्पत्तिः' નો અર્થ 'भुक्ति' કરે છે અને વિભાવાદિનો ભોજક અને રસને ભોજ્ય માનીને તે બંને વચ્ચે ભોજ્ય-ભોજક સંબંધ સ્વીકારે છે. અનુમિતિવાદી આચાર્ય શંકુક 'विभावानु......' સૂત્રમાં આવેલ 'निष्पत्तिः' નો અર્થ 'अनुमिति' કરે છે. તેમને મતે વિભાવાદિથી રસની 'ઉત્પત્તિ' નહીં પણ 'અનુમિતિ' થાય છે.

આચાર્ય અભિનવગુપ્ત ભરતના 'विभावानु' - સૂત્રમાં 'निष्पत्तिः' નો અર્થ 'अभिव्यक्ति' માને છે. તેમના મતે રત્યાદિ બધા જ સ્થાયી ભાવો સહૃદયના ચિત્તમાં વાસના કે સંસ્કારરૂપે વિદ્યમાન હોય છે અને વિભાવાદિ દ્વારા આ સુપ્ત સ્થાયીભાવો અભિવ્યક્ત થઈને આનંદમય રસનું રૂપ ધારણ કરે છે. અભિનવના મતે વિભાવાદિ 'વ્યંજક'

અને રસ, 'વ્યંગ્ય' એમ આ બંને વચ્ચે તથા અલંકારશાસ્ત્રમાં દાર્શનિક અને મનોવૈજ્ઞાનિક આધાર ભિત્તિને કારણે અત્યંત આદર પામ્યો છે.

અભિનવગુપ્ત રસ-ભાવની મીમાંસા કરતાં સૌ પ્રથમ સાધારણીકરણની પ્રક્રિયા સમજાવે છે અને સહૃદય કેવી રીતે અનુભવે છે, તે વિગત કાલિદાસના 'अभिज्ञानशाकुन्तलम्' માંથી એક ઉદાહરણ (ग्रीवाभङ्गाभिरामं .........स्तोकमुर्व्यां प्रयाति ॥१/७) ઉદ્ધૃત કરીને સ્પષ્ટ કરે છે. આ સાથે તેઓ 'कुमारसंभव' માંથી પણ (उमापि.....३/६२ તથા हरस्तु किञ्चित........६/६७ એમ) અન્ય બે ઉદાહરણ ટાંકે છે. પ્રથમ ઉદા. 'ભયાનક' રસનું અને બાકીનાં બે 'શૃંગાર' રસનાં છે.

અભિનવગુપ્ત મુજબ રસનિષ્પત્તિની પ્રક્રિયાને સમજવા પ્રયત્ન કરીએ તો પ્રથમ તબક્કે અભિધાવ્યાપાર કાર્યરત થાય છે અને વાચ્યાર્થની પ્રાપ્તિ થાય છે. ત્યારબાદ વ્યંજના વ્યાપાર પ્રવૃત્ત થાય છે અને સાધરણીકરણની પ્રક્રિયા થાય છે. ત્યાર પછી સાધારણીકૃત વિગતોમાં પ્રેક્ષકનો આત્માનુપ્રવેશ થાય છે. अ.शा. માં પ્રારંભે રજૂ થયેલ –

ग्रीवाभङ्गाभिरामं मुहुरनुपतति स्यन्दने बद्धदृष्टिः

पश्चादर्धेन प्रविष्यः शरपतनभयाद्भूयसा पूर्वकायम् ।

दर्भैर्धावलीढैः श्रमविवृतमुखभ्रंशिभिः कीर्णवर्त्मा

पश्योदग्रप्लुतत्वाद्वियति बहुतरं स्तोकमुर्व्यां प्रयाति ॥

अ.शा :१/७

ઉપરોક્ત શ્લોકમાં મૃગના દૃશ્યથી રસાભિવ્યક્તિ સમજીએ તો અહીં ભયસંત્રસ્ત મૃગનું વર્ણન થયું હોઈ ભયાનક રસ છે. અહીં વિભાવ, અનુભાવ અને વ્યભિચારીભાવો કયા છે, તે સમજીએ તો મૃગનો સ્થાયીભાવ રસ છે. તે રથમાં બેસીને બાણ ચડાવતા દુષ્યન્તને જોઈને ભય પામે છે. આથી રથારૂઢ દુષ્યન્તનું દર્શન એ આલંબન વિભાવ છે. મૃગની પાછળ દોડતો અને તેને હણવા માટે શરસંધાન કરતા દુષ્યન્તની આતુરતા એ ઉદ્દીપન વિભાવ છે. અડધી ડોકને વાળેલી રાખીને સતત પાછળ જોવું, મોઢામાંથી ઘાસનું નીચું પડી જવું, મુખ ફીક્કું પડી જવું, શરીર સંકોચાઈ જવું, ચંચળ બનીને દોડવું વગેરે અનુભાવો છે. અહીં, શ્રમ, ત્રાસ, શંકા, આવેગ વગેરે વ્યભિચારી ભાવો છે. મૃગના શરીરમાં પ્રવેશી ગયેલો કંપ એ સાત્ત્વિક ભાવ છે. ઉપર મુજબની વિભાવાદિ સામગ્રીથી પ્રેક્ષકોના ચિત્તમાં રહેલો ભયરૂપી સ્થાયીભાવ ભયાનક રસરૂપે અભિવ્યક્ત થાય છે. અભિનવગુપ્ત 'રસ'ની અભિવ્યક્તિ આ પ્રમાણે સમજાવે છે.

નિર્મળ પ્રતિભાશાળી હૃદયવાળો પ્રેક્ષક અધિકારી વ્યક્તિ છે. તે જ્યારે શ્લોકને સાંભળે છે ત્યારે અભિધા વ્યાપારથી તેને વાકયાર્થનો બોધ થાય છે. ત્યારબાદ વ્યંજના વ્યાપારથી તેને વાક્યાર્થનો બોધ થાય છે. ત્યારબાદ વ્યંજના વ્યાપારથી તે સમગ્ર ઘટનાનું સાધારણીકરણ કરે છે. અર્થાત્ કોઈ એક સ્થળે કે સમયને પાર એવા સર્વ સાધારણ મૃગના સંત્રાસનો અનુભવ કરે છે. ત્યારબાદ વ્યંજના વ્યાપારના અનુરણન કે ધ્વનનથી સ્વગત, પરગત કે ઉદાસીન કરતાં સાવ વિલક્ષણ એવી આત્માનુભૂતિ થાય છે. પરિણામે, ભયનો સ્થાયીભાવ હૃદયમાં ધારણ

કરતો હોય તેવી રસાનુભૂતિ થાય છે. બધા પ્રેક્ષકો આવી તન્મયતા અને સહાનુભૂતિ અનુભવતા હોઈ આવી સહાનુભૂતિ વ્યક્તિગત જ ન રહેતાં સર્વગત બની રહે છે. પરિણામે 'निर्विघ्न संवित्' રચાય છે, જેને અભિનવગુપ્ત 'ચમત્કાર' કહે છે.

ભરતના 'રસ'સૂત્રની સમજૂતી આપતાં અભિનવગુપ્ત સહુ પ્રથમ વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવોનો મર્મ સ્પષ્ટ કરે છે. આ બધાં વ્યાપક તત્ત્વો છે, એમ કહી શકાય. લૌકિક ક્ષેત્રમાં લૌકિક ભાવો અને તેની સાથે રહેલા વ્યાપ્તિ સંબંધને જાણીને આપણે બીજી વ્યક્તિના ભાવોનું અનુમાન કરીએ છીએ. આ અનુમિતિ એટલી ઝડપથી થાય છે કે તેમાં વ્યાપ્તિ સ્મરણ વગેરે પગથિયાં જણાતાં નથી. એ ત્વરા અભ્યાસથી સિદ્ધ થાય છે. અન્યથા ભાવોના અનુમાનના અભ્યાસથી તદ્વિષયક પટુતા પ્રાપ્ત થાય છે. કાવ્ય અને નાટ્યમાં પણ આ વિભાવાદિના નિરૂપણથી ઉપર્યુક્ત પટુતા પ્રાપ્ત કરેલા ભાવકને ભાવોનો ખ્યાલ આવે છે પણ કાવ્યમાં રજૂઆત પામતાં કારણ, કાર્ય અને સહકારીઓ ભિન્ન નામોથી ઓળખાય છે, તેને વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવો કહેવાય છે. આ ત્રણેય તત્ત્વોનો સમ્યગ્ યોગ ઈષ્ટ છે. આ સમ્યગ્ યોગ અથવા સંબંધ અથવા એકાગ્રતા પ્રેક્ષકોના ચિત્તમાં થવો જરૂરી છે. આને જ 'विभावानुभावव्यभिचारिसंयोग' કહેવાય છે. આ એકાગ્રતા કે 'सम्यग्योग'માંથી એક અર્થ નિષ્પન્ન થાય છે, જે સ્વસંવેદનનો વિષય બને છે. તેમાંથી વિઘ્નો દૂર થયાં હોય છે આથી આ સંવેદન કે આસ્વાદન પરમ આહ્લાદકારી બને છે. આ રીતે ગૃહીત થતો 'કાવ્યાર્થ' કે 'નાટ્યાર્થ' અથવા 'નાટય' એ જ 'રસ'.

રસાનુભૂતિના સ્વભાવ અંગે અભિનવગુપ્તની રસ-જ્ઞાન મીમાંસા કે રસ-ચિંતન એ છે કે ચર્વણાનું સંવેદન સ્મૃતિરૂપ ન હોઈ શકે. સહૃદયના રસાસ્વાદન બાબતે તેઓ સ્પષ્ટતા કરતાં કહે છે – સામાજિકનું ચિત્ત લૌકિક અનુમાનમાં પટુતા ધરાવતું જ હોય છે. આનો અર્થ એ કે જે તે કારણો ઉપસ્થિત થતાં તેના ચિત્તમાં જે તે ભાવો ઝળકી ઉઠશે. આથી હૃદયસંવાદરૂપી સહૃદયત્વને બળે સામાજિકમાં ક્ષમતા આવે છે. અનુમાન, સ્મૃતિ વગેરેની નિસરણી ચડયા વગર જ આ અનુભવ તેને જે કાંઈ જોવા મળે છે, એ સાથે તન્મીયભાવ સિદ્ધ કરનારી હોય છે. આ રસાત્મક ચર્વણા વ્યાપાર સંવેદનાત્મક હોવાથી અભિનવગુપ્ત આ વ્યાપારનું બીજી ચૈતસિક પ્રવૃત્તિઓથી પાર્થક્ય પણ તારવે છે. અભિનવને મતે ચર્વણાનું સંવેદન અલૌકિક વિભાવાદિના સંયોગથી સાકાર થાય છે. આથી આ સંવેદનને પ્રત્યક્ષ અનુમાન, આગમ અથવા ઉપમાનાદિ પ્રમાણજન્ય રત્યાદિના બોધથી અલગ તારવવામાં આવે છે. દરેક પ્રકારના બોધથી રસનું સંવેદન જુદું પડે છે. તેનું કારણ સમજાવતાં અભિનવ કહે છે – લૌકિક પ્રમાણાદિથી થતા રતિ વગેરેના બોધમાં 'હાનોપાદાનબુધ્ધિ' હોય છે, એ રસપ્રતીતિમાં વિઘ્ન ઉભું કરે છે. રસની અલૌકિકતા ઉપર ભાર મૂકીને અભિનવગુપ્ત ફરી એ પ્રતીતિના પ્રકારની સૂક્ષ્મ ચર્ચા કરે છે.

રસપ્રતીતિને અલૌકિક કહેવાય છે ત્યારે તેનું લૌકિક પ્રતીતિથી પાર્થક્ય જ અભિપ્રેત છે, એમ સમજવું. અભિનવને મતે રસ એ રસ્યતાનો પ્રાણ છે અને રસ્યમાનતા એ લૌકિક પ્રતીતિથી પાર્થક્ય જ અભિપ્રેત છે, એમ સમજવું. અભિનવને મતે 'રસ' એ 'રસ્યતાનો પ્રાણ' છે અને રસ્યમાનતા એ લૌકિક પ્રમિતિનો સર્વથા અવિષય છે. અભિનવને મતે 'निष्पत्तिः' પદ જોડે લેવાનું નથી. અર્થાત્ રસની નિષ્પત્તિ નહિ પણ 'રસ વ્યાપારની નિષ્પત્તિ' એમ લેવાનું છે. આ સ્વસંવેદનાત્મક રસના વ્યાપારનો વિષય તે જ રસ.

*આમ, ભરત મુનિના 'રસ' સૂત્રને સમજાવવા ભટ્ટલોલ્લટ આદિ પૂર્વાચાર્યોએ કરેલા પ્રયત્નો અને અભિનવગુપ્તાચાર્યના મતમાં આ વિચારયાત્રાની પરાકાષ્ઠા પ્રાપ્ત થઈ છે, એવું લાગે છે. અભિનવે રસની ચર્ચામાં એક રસપ્રદ વાત કરી છે કે રસનું સર્વપ્રથમ નિધાન તો કવિ છે. કવિના ચિત્તમાં પડેલા રસથી કાવ્યનિર્માણ થાય છે. ત્યારબાદ નટો અભિનયાદિથી રસને અભિવ્યક્ત કરીને ભૂમિકા રચે છે. અને સહૃદયોના ચિત્તમાં થતી અલૌકિક અનુભૂતિ તે રસાસ્વાદનની ચરમ પરિણતી છે.*

●●●

## ● પાદટીપ

૧. History of sanskrit Poetice : 236-243

२. रसौ वै स्सः । रसं ह्येवायं लब्ध्वाऽऽनन्दी भवति । तैत्तिरीय उपनिषदः २/७

૩. 'सद्यः परनिवृत्तये' – काव्यप्रकाशः १/२

૪. न हि रस्सादृते कश्चिदर्थः प्रवर्तते । भरत–नाट्यशास्त्रम् : ६/३१ नी टीका

૫. काव्यप्रकाश : उल्लास–४

૬. 'तेन स्थाप्येव विभावानुभावादिभिरुपचितो रसः'–भ.ना.शाः ३१, अभिनव भारती टीका

●●●

## सन्दर्भ ग्रन्था :

१. नाट्यशास्त्रम् : अ.१,२,३ तथा ६ अभिनव भारती सहितः) — भरतमुनिप्रणीतं, सम्पादकः प्रोफे. डॉ. तपस्वीनान्दी, प्रकाशकः स्सरस्वती पुस्तक भंडार, अमदावाद. आवृत्ति : द्वितीय, २००१

२. History of sanskrit Poetics : S.K. De

३. काव्यप्रकाशः — मम्मटाचार्य सम्पादकः डॉ. नगेन्द्र, प्रकाशकः ज्ञानमण्डल लिमिटेड, वाराणसी

४. *અભિનવનો રસવિચાર અને બીજા લેખો.* — *સંપાદક : ડૉ. નગીનદાસ પારેખ, જોસર્સ બી.એસ. શાહની કંપની, અમદાવાદ, આવૃત્તિ : પ્રથમ, ૧૯૬૯*

५. अष्टादश उपनिषद : — सम्पादकः आचार्य वि.प्र. लिमये, प्रकाशक : वैदिक– स्संशोधन– मण्डलम्, गांधीस्मारकभूतं, पूना संस्करण : प्रथम

६. कालिदास ग्रन्थावली : — सम्पादक : सीताराम चतुर्वेदी, प्रकाशनः भारत प्रकाशन मन्दिर, अलीगढ, संस्करण : प्रथम,

●●●